શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત માસિક

પાંદડાએ ડાળીને પુછ્યું કે તને ભાર લાગે છે મારો ડાળીએ હસીને કહ્યું કે જ્યાં ભાવ હોય ત્યાં ભાર શેનો ?

# પરિવાર પત્રિકા

વર્ષ - ૧૯ ● અંક-૨૩૯ ● ઓગષ્ટ - ૨૦૨૩

કિંમત રૂા. ૨-૦૦

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ..............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

સુજ્ઞ જ્ઞાતિજનો,

એપ્રિલથી શરૂ થયેલી ગરમી, ત્યારબાદ ઉકળાટને બદલે હવે શ્રાવણ ઝરમર ઝરમર વર્ષા, ઠંડક પ્રસરાવે એવી સૌને લાગણી થાય છે. ખાસ કરીને તપ કરનારાઓને રાહત થાય. સર્વે તપસ્વીઓની અનુમોદના. શ્રાવણમાં પણ જો ઠંડક ન થાય તો કહેવું પડે કે સાવન જો આગ લગાયે, ઉસે કૌન બચાયે !

ઓગસ્ટ, ક્રાંતિનો માસ કહેવાય છે. ભારતમાતાને ગુલામીમાંથી મુક્ત કરવા, નામી–અનામી અસંખ્ય ભારતીયોએ બલિદાન આપ્યા ત્યારે આપણો દેશ ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયેલો. “જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની...”

પડોશી દેશો પ્રેરિત આતંકવાદીઓ અને ઘુસણખોરોની સામી છાતીએ કોણ સામનો કરે છે? દેશની ભૂમિ, વાયુ અને જળ સીમાઓનું રક્ષણ કોણ કરે છે? પૂર, ભૂકંપ, વાવાઝોડાં, રમખાણો, આગ, ભયંકર અકસ્માતોમાં નાગરિકોના જાનમાલને બચાવવાની કામગીરી કોણ કરે છે? જવાબ છે...

આપણા પાયાદળ, નૌકાદળ, હવાઈદળ અને સંલગ્ન અન્ય શાખાઓના આપણા જાંબાઝ જવાનો, પ્રાણની પરવા કર્યા વિના આપણું રક્ષણ કરે છે. ત્યારે આપણે નિરાંતે રહી શકીએ છીએ. આપણે તો માત્ર આપણા કુટુંબની સુખાકારી થાય એમાં જ રચ્યાપચ્યા છીએ. પરંતુ આ સૈનિકો પોતાના કુટુંબ, સ્વજનો છોડીને 24 X 7, રાત–દિવસ, માઈનસ ડીગ્રી ઠંડી કે અસહ્ય ગરમીમાં ખડેપગે ફરજ બજાવે છે. દુશ્મનો સમે લડતાં લડતાં અસંખ્ય સૈનિકો શહિદ થાય છે. કેપ્ટન વિક્રમ બત્રાએ કહેલું. “હું પાછો જરૂર આવીશ, કાં તો ત્રિરંગાને લહેરાવીને કાં તો ત્રિરંગામાં લપેટાઈને.” આવા વીરોને લીધે જ આપણે સલામત છીએ. મતલબી લોકો ભલે રાજનેતાઓને પગે લાગતા હોય, આપણે તો આવા આપણા પ્રાણરક્ષકોને સો–સો સલામ કરવી જોઈએ. કૃતજ્ઞતાપૂર્વક તેમનું બહુમાન કરવું જોઈએ નહિતર આપણે નગુણા કહેવાઈએ. શહિદોની વિધવાઓને, તેમના કુટુંબને સહાયરૂપ થવા, સૈનિક ફંડમાં યથાશક્તિ ફાળો આપી તેમનું ઋણ ચૂકવી શકીએ.

ગત માસના અંકમાં તેમજ મંડળના SMS/WATSAPP દ્વારા જાણ કર્યા મૂજબ જેમની શૈક્ષણિક સહાય માટેની અરજી તેમજ માર્કશીટ તા.૩૦–૦૭–૨૩ સુધીમાં આવી હશે તે જ ધ્યાનમાં લેવાશે.

દર મહિને બે ગુરુવારે, જ્ઞાતિ હોલમાં હોમિયોપેથી હિલીંગ સેન્ટરમાં બપોરે ૨–૦૦ થી ૫–૦૦ દરમ્યાન ડૉ.શ્વેતાબેન આર. શાહ નિ:શુલ્ક સેવા આપે છે. તેનો મેસેજ પણ દર મહિને આવે છે તે જોઈને લાભ લેવા વિનંતી. જ્ઞાતિ હોલમાં સોમ થી શુક્ર સાંજે ધાર્મિક શિક્ષણની પાઠશાળા કાર્યરત છે. લાભ લેવા વિનંતી.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્ મંત્રી ● રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૩ થી ડીસેમ્બર-૨૩)**



**સ્વ. પ્રકાશકુમાર સેવંતીલાલ શાહ**
જન્મ તા.૧૮-૧૧-૧૯૫૮ • સ્વ.તા.૧૯-૦૧-૨૦૨૨

ની સ્મૃતિમાં
સુરેખાબેન મુકેશકુમાર શાહ
મમતાબેન પ્રકાશકુમાર શાહ
હેમાબેન જીજ્ઞેશકુમાર શાહ
ખ્યાતિબેન રોહનકુમાર શાહ
વિલ્પાબેન પિયુષકુમાર શાહ
યાશિકા – નિશિત

**સ્વ.કમળાબેન સેવંતીલાલ માધવલાલ શાહ**
(મણુંદ–બોરીવલી)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંટાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંટાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ..........(ખરોડ)

**પ્રભુને આપણે ક્યારે યાદ કરીએ છીએ? દુઃખ આવ્યા પછી** — **બુદ્ધ... કરુણાના મહાસાગર...**



એક વાર વૈશાલી નગરીમાં મહામારી ફેલાઈ ગઈ. મહામારી સમય જતા ધીરે ધીરે આગ જેવું વિકરાળ સ્વરૂપ ધારણ કરવા લાગી. માત્ર ગરીબ પરિવારોમાં જ નહીં, રાજમહેલમાં પણ ધીરે ધીરે તેનો પ્રભાવ પડવા લાગ્યો. મહામારીને શાંત કરવા માટે જે જે મહાવૈદ્યોને બોલાવ્યા હતા, તેઓ પણ ધીરે–ધીરે મહામારીના સકંજામાં ફસાવા લાગ્યા.

ઘણાં ઉપચારો કર્યા, છતાં સર્વ ઉપચારો નિરર્થક લાગ્યા, એટલે રાજા વધુ ચિંતિત થયા. અન્ય કંઈ ઉપાય ન જણાતા પ્રધાનમંત્રીએ રાજાને સલાહ આપી : 'હવે આ મહામારી વૈદ્યો કે તાંત્રિકોથી દૂર થાય તેવું લાગતું નથી. આપ એક કામ કરો. ભગવાન બુદ્ધ વૈશાલી નગરીની સમીપમાંથી જ વિહાર કરી જઈ રહ્યા છે, જો આપ તેઓને વિનંતી કરો, અને કદાચ તેઓ વૈશાલીમાં પદાર્પણ પણ કરે, તો શક્ય છે, કે તેઓના દિવ્ય પ્રભાવથી મહામારી શાંત થઈ પણ જાય!'

રાજાને આ ઉપાય ખૂબ જ સારો લાગ્યો. તરત તેઓ પ્રધાનમંત્રી, સેનાપતિ આદિને લઈને બુદ્ધ પાસે ઉપસ્થિત થયા. વૈશાલીનું વિકટ વાતાવરણ તેઓને જણાવી કરબદ્ધ વિનંતી કરતાં કહ્યું : 'પ્રભુ! આપ પધારો, આપની કરુણાપૂર્ણ અમીદ્રષ્ટિથી આપના શુભ પદાર્પણથી હજારો–લાખો લોકો બચી જશે!'

બુદ્ધ તો કરુણાના સાગર હતા જ. પોતાનો નિર્ધારિત વિહાર કાર્યક્રમ પરિવર્તિત કરી સપરિવાર વૈશાલી પહોંચ્યા. અલ્પ દિવસોમાં જ મહામારી ખરેખર શાંત થઈ ગઈ. રાજા વિગેરે સૌ પ્રજાજનો ખૂબ જ સંતુષ્ટ થયા.

સમયાંતરે પ્રધાનમંત્રી–શ્રેષ્ઠી વિગેરેની સાથે સમ્રાટ બુદ્ધ સમક્ષ ઉપસ્થિત થયા. કૃતજ્ઞતા વ્યક્ત કરતા સમ્રાટે બુદ્ધને કહ્યું : 'ભન્તે ! આપના શુભ આગમનથી મહામારી દૂર થઈ ગઈ. આપનો મહા ઉપકાર...!'

બુદ્ધે સ્મિત આપીને સમ્રાટને કહ્યું : 'કાશ! અત્યારે તમે મને બોલાવ્યો, કદાચ એના કરતાં પણ પહેલા મને અહીં બોલાવ્યો હોત, તો કદાચ આ મહામારી આવી જ ના હોત!!!'

દુઃખ આવ્યા પછી આપણે પ્રભુને યાદ કરીએ છીએ. જો પહેલેથી જ યાદ કર્યા હોત, તો દુઃખ આપણાં જીવનમાં જ ન આવત !!



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**
રણુજ - હાલ : અમદાવાદ
જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ * સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

**ભગવાન પર ભરોસો રાખજો સાહેબ, કેમ કે એ સારું છીનવી લે છે તો બહુ સારું આપે પણ છે !!**

મયુર જશવંતલાલ શાહ
જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ
ક્રિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ

V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ ॥ શ્રી પદમાવતી માતાને નમઃ ॥




# અભિનંદન સહ શુભેચ્છા

પિંઢારપુરા નિવાસી હાલ : અમદાવાદ

પુષ્પાબેન નવિનચંદ્ર પોચાલાલ શાહના પૌત્ર

અને

નીલાબેન-સુનિલભાઈ શાહના સુપુત્ર

ચિ. **ધ્રુવ** ને

કેનેડા - ટોરેન્ટો સ્થિત

**Centennial College** માંથી

**"Post Graduation in Global Business Management"** ની

ઉચ્ચ ડિગ્રી એનાયત થયેલ છે.

તે માટે ખૂબ ખૂબ અભિનંદન

ચિ. **ધ્રુવ**

ઉત્તરોત્તર પ્રગતિ કરી કુટુંબ અને સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા

કુમારપાળ - મીતાબેન - કુશલ
સુનિલકુમાર - અમિતાબેન - મનન
અર્પિત - વિધિ - જૈનિલ
હર્ષિલકુમાર - હેલીના - જૈવલ
શ્રેયસકુમાર - નિધિ - ત્વિશા








પ્રભાવતીબેન જગદીશચંદ્ર શાહ (ભાલક)
નયનભાઈ - મનીષાબેન
પ્રફુલભાઈ - કાજલબેન
રાજેશભાઈ - ભાવનાબેન
કુશલ, મીત, નીકુ, આર્યન, સ્નેહા

નિવાસ સ્થાન : સુનિલભાઈ એન. શાહ
૨- ઋષભ સોસાયટી, આદિત્ય ફ્લેટની સામે, શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૮૭૩૩૮૮૩૮૨૦, ૯૪૨૯૦૨૪૯૮૬

ફર્મ : P. Navinchandra & Co.
Ashokpura, Opp. New Chali, Dudheshwar Road, Ahmedabad-4.

સેવા
સહકાર
સંકલન
સંગઠન
સમજણ

# સંપાદકિય



હે પ્રભુ ! તે જે નથી આપ્યું તેનો
“અફસોસ” ક્યારેય નહીં કરું,
કારણ કે તેં મને એવું
ઘણું બધું આપ્યું છે કે જેની મેં
કલ્પના પણ નહોતી કરી.

---

સમય એટલો સરસ પસાર કરો કે
તે યાદ કરો ત્યારે ખુશી થાય
“અફસોસ” નહિ.

---

માનવી ચહેરો તો સાફ રાખે છે
જેની ઉપર લોકોની નજર હોય છે
પણ “અફસોસ” છે દિલ ને તે
સાફ નથી રાખતો જેની ઉપર
ઈશ્વરની નજર હોય છે.

---

જેને કદર કરતા આવડતું હોય
તેને જીવનમાં “અફસોસ”
કરવાનો વારો આવતો નથી.

---

પાછળ જોવાથી “અફસોસ”
થઈ શકે છે, જ્યારે
આગળ જોવાથી હંમેશા
તક મળે છે.

---

જીવનમાં “અફસોસ” કરવાથી
સંબંધ અને વીતી ગયેલો સમય
બંને પહેલાં જેવા થતા નથી,
આથી જીવનમાં “અફસોસ”
કરવો પડે તેવા કામ ના કરો.

---

આપણે ચાંદ પર પહોંચી ગયા,
આપણે મહાસાગરના તળિયે
પહોંચી ગયા, પણ “અફસોસ”
છે કે આપણે હજી
માનવતા સુધી પહોંચી શક્યા નથી.

---

સ્વાર્થી થતી જતી દુનિયામાં
વધુ નહિ થોડું વિચારજો
બધા “અફસોસ” થી કહે છે
કોઈ કોઈનું નથી,
પણ કોઈ એમ નથી વિચારતું કે
આપણે કોના થયા કે
બીજા આપણા થાય.

જીવનમાં શ્રમ અને ધીરજ
જરૂરી છે. કારણ કે
જરૂરિયાતો ક્યારે
ઓછી નથી થતી હોતી.

---

આપણું સારુ વર્તન
આપણને શક્તિ આપે છે.
પ્રેરણા આપે છે.

---

અમુક માણસોના શરીરમાં
દિલની જગ્યાએ
કેલ્ક્યુલેટર હોય છે.
હાથ મિલાવ્યા પહેલા
હિસાબ લગાવે છે કે
મને કેટલો ફાયદો થશે.

---

“મા”
ભણેલી ગણેલી
હોય કે ના હોય
દુર્લભ અને મહત્વપૂર્ણ
જ્ઞાન તો આપણને
“મા” પાસેથી જ મળે છે.

---

સંબંધ ઓછા રાખો
પણ જેટલા રાખો
એ
મજબૂત રાખો

---

આ દુનિયામાં બધું જ
કિંમતી છે.
પરંતુ...
મળ્યા પહેલા
અને...
ગુમાવ્યા પછી

---

ઓછી સુખ સુવિધામાં પણ
સંતુષ્ટ રહેનારી વ્યક્તિ જ
જીવનમાં સૌથી વધુ
આનંદિત રહી શકે છે.
કોઈ કામ માટે
ભીતરનો અવાજ ના પાડે
તો તે કામ છોડી દેજો,
અન્યથા પસ્તાવવાનો
વખત આવશે.

---

સમય અને શક્તિ
એ વ્યક્તિ પાછ
ળક્યારે બરબાદ ના કરવા
જેને ગમે તેટલું કરવા છતાં
તમારા કરતા બીજા જ
સારા લાગે છે !!

---

સંબંધ ગમે એવો હોય
તે ક્યારેય ભુલાતો નથી
વાતોથી બંધ થાય તો
આંખોમાં રહે અને
આંખોથી છુટો તો યાદોમાં રહે

---

મુશ્કેલીઓ ફક્ત તમારા
નબળા મનની રચના છે,
એટલે શ્રેષ્ઠ વિચારોથી
પોતાનું મન શક્તિશાળી બનાવો.

---

માં-બાપ પર પણ એટલો જ
વિશ્વાસ રાખો જેટલો
દવા પર રાખો છો.
બેશક થોડા કડવા હશે પણ
તમારા ફાયદા માટે જ હશે.

---

તાળું તોડી કોઈ લૂંટે,
એટલી તો જીંદગી અમીર નથી
પણ...
લાગણીના ભાવો કદી ખૂટે
એટલો “હું” ગરીબ પણ નથી...

---

સારા માણસોને કોઈ દિવસ
વખાણની જરૂર નથી પડતી,
કેમકે સાચા ફૂલો પર ક્યારેય
અત્તર ના છાંટવું પડે !!

---

તકલીફ તો ઘણી છે આ દુનિયામાં
પણ જ્યારે કોઈ પોતાનું
નજર અંદાજ કરે તો સહન નથી થતું.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક



# હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

શાહ દશરથભાઈ રમણલાલ
અને
શ્રીમતી પ્રવિણાબેન દશરથભાઈ
(પીંઢારપુરા) ના પૌત્ર
તથા
હીરેન દશરથભાઈ શાહ
અને
નેહા હીરેનભાઈ શાહના સુપુત્ર

## "ડૉ. કરન"

અભ્યાસ ક્ષેત્રે M.B.B.S. ની
ડીગ્રી પ્રાપ્ત કરે છે.
આ ડીગ્રી મેળવવા બદલ અમારો પરિવાર
ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે.

ડૉ. કરન
Birth Date 14/3/2000

**Dr.Karan**

ઉત્તરોત્તર પ્રગતિ કરી કુટુંબનું અને
સમાજનું ગૌરવ વધારે તેવી અભિલાષા.

રાજેષ દશરથભાઈ શાહ ❇ મનીષા રાજેશ શાહ
રાજેશ : ૯૮૨૫૧૫૭૭૯૭ ❇ હિરેન : ૯૮૨૫૪૭૪૧૪૧

**નાના-નાની**
શાહ રમેશચંદ્ર માધવલાલ (ગાંભુ)
શાહ વીણાબેન રમેશચંદ્ર શાહ

સ્વ. સેવંતીલાલ રમણલાલ શાહ (પીંઢારપુરા)
સ્વ. કિશોરભાઈ રમણલાલ શાહ (પીંઢારપુરા)

નિવાસ : ૮/૩, શૈવલ બંગ્લોઝ, પંકજ સોસાયટી, પાલડી, અમદાવાદ.

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



શેઠશ્રી શાંતિલાલ કાળીદાસ શાહ (લણવા-હાલ: અમદાવાદ)

શાંતિલાલ કાળીદાસ શાહ (લણવા-હાલ: અમદાવાદ)ની પુણ્યતિથિ નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પેટે રૂા.૨૧૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી જ્ઞાતિમંડળ પ્રાર્થના કરે છે. અને તેમના પરિવારનો ખૂબ આભાર માને છે.

## સાધર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



શેઠશ્રી શાંતિલાલ કાળીદાસ શાહ (લણવા-હાલ: અમદાવાદ)

શાંતિલાલ કાળીદાસ શાહ (લણવા-હાલ: અમદાવાદ)ની પુણ્યતિથિ નીમિત્તે, સદ્‌ગતની સ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે, આપણી જ્ઞાતિના સાધર્મિક સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/-નું દાન આપેલ છે. પરમાત્મા આ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી જ્ઞાતિમંડળ પ્રાર્થના કરે છે. જ્ઞાતિમંડળ તેમના કુટુંબીજનોનો ખૂબ આભાર માને છે.

**રૂા.૫૦૫૧/-**



અ.સૌ.સ્વ.કાન્તાબેન શશીકાન્ત ગાંધીના (મોઢેરા-હાલ: અમદાવાદ)

શ્રી શશીકાન્ત પોપટલાલ ગાંધી (મોઢેરા)ના ધર્મચારિણી અ.સૌ. સ્વ. કાન્તાબેન શશીકાન્ત ગાંધીના આત્મશ્રેયાર્થે રૂા.૫૦૫૧/-નું દાન સાધર્મિક સહાયમાં દાન મળેલ છે. મંગુબેન અને અંબાલાલ વ્હાલચંદ શાહ (બોકરવાડા)ના સુપુત્રી કાન્તાબેનને નાનપણથી પીયરના ધાર્મિક સંસ્કારો મળેલ છે. આથી તેમણે તેમના જીવનકાર્ય દરમિયાન ખૂબ જ ધર્મમય જીવન પસાર કરેલ અને નાની-મોટી ખૂબ જ ધર્મપ્રવૃત્તિ, તપ કરેલ છે. સાધાર્મિક પ્રત્યેની તેમની લાગણી અને ભાવના અનુમોદનીય છે. અ.સૌ.સ્વ.કાન્તાબેન હસમુખા સ્વભાવના, વડીલો પ્રત્યે સમર્પિત આદરભાવ ધરાવતા હતા. જ્ઞાતિ મંડળ સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

**રૂા.૫૦૦૦/-**



શ્રી રમેશચંદ્ર શાંતિલાલ શાહ (બોકરવાડા-હાલ: અમદાવાદ)

શ્રી રમેશચંદ્ર શાંતિલાલ શાહ (બોકરવાડા-હાલ: અમદાવાદ) તા.૦૩-૦૭-૨૦૨૩ ના રોજ અવસાન પામેલ. સદ્‌ગતના સ્મરણાર્થે આત્મશ્રેયાર્થે તેમના ધર્મપત્ની શ્રીમતી કંચનબેને, આપણી જ્ઞાતિના સાધર્મિક સહાય ફંડમાં રૂા.૫૦૦૦/-નું દાન કરેલ છે. પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. જ્ઞાતિમંડળ કંચનબેનનો આભાર માને છે. શ્રી રમેશભાઈએ તેમના બહોળા પરિવારજનોને સમ્મેતશિખરજીની જાત્રા કરાવેલ. તેમના પરિવારજનોએ, તેમના આત્મશ્રેયાર્થે આપણા જ્ઞાતિહોલમાં તા.૩૦-૦૭-૨૩ના રોજ શ્રી શાંતિસ્નાત્રનું આયોજન કરેલ છે.

**જીંદગી "હસાવે" ત્યારે સમજવું કે**
**સારા કર્મનું ફળ મળ્યું છે,**
**જીંદગી "રડાવે" ત્યારે સમજવું કે**
**સારા કર્મ કરવાનો સમય આવ્યો છે.**

## બદલાયેલા સરનામા

**સુરત**

**હેમંત ચંદ્રકાન્ત શાહ......................................(પીંઢારપુરા)**
એ/૨, ૧૦૨, શાંતીભવન એપાર્ટમેન્ટ, પીકનીક પાર્ક સોસાયટી સામે,
નવયુગ કોલેજ પાછળ, રેન્ડર રોડ, સુરત-૩૯૫૦૦૯. મો.:૯૪૨૬૭૭૫૯૯૯

**પૂના**

**મયુરભાઈ મહેન્દ્રભાઈ શાહ.............................(ઉનાવા)**
૪/સી, અજીત એપાર્ટમેન્ટ, હરેકૃષ્ણ મંદીર રોડ,
મોડલ કોલોની, શીવાજી નગર, પૂના-૧૬. મો.: ૮૯૮૩૨૨૫૫૨૨

**નવા આજીવન સભ્યો**

**ફેલીન મનીષકુમાર શાહ.............................(વિસનગર)**
૪૦૬, શેઠ સેરેનીલા, ડૉક્ટરહાઉસની પાછળ, ઈન્ડુસઈન્ડ બેન્કના ખાંચામાં, પરીમલ ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ.
મો.: ૯૪૦૯૪૦૭૩૪૪

## ધાર્મિક સમાચાર

❋ શ્રી આદેશ્વર જૈન દેરાસર, વાનવડી, પૂના ભગવાનની સાતમી વર્ષગાંઠ જેઠ વદ ૧૨ તા.૧૫-૬-૨૩ના દિવસે ખુબ જ ધામધૂમથી આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. સવારે ૯ કલાકે અઢાર અભિષેક રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ કાયમી લાભાર્થી પરિવારો દ્વારા ધ્વજા ચઢાવવામાં આવી હતી. આખા દિવસનો લાભ લાભાર્થી પરિવારોએ લીધો હતો તથા તેમના દ્વારા વર્ષગાંઠથી લઈને દેવ દિવાળી સુધી દેરાસરની સજાવટ કરવામાં આવનાર છે. સાંજના બધા ભગવાનને આકર્ષક આંગી કરવામાં આવી હતી.

## મેડીકલ સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૮૦૦૦/-**



શેઠશ્રી શાંતિલાલ કાળીદાસ શાહ (લણવા-હાલ: અમદાવાદ)

શાંતિલાલ કાળીદાસ શાહ (લણવા-હાલ: અમદાવાદ)ની પુણ્યતિથિ નિમિત્તે સદ્‌ગતની સ્મૃતિમાં, તેમના આત્મશ્રેયાર્થે, તેમના કુટુંબીજનો તરફથી અમદાવાદ જ્ઞાતિ મંડળના મેડીકલ સહાય ફંડમાં રૂા.૮૦૦૦/-નું દાન મળેલ છે. જ્ઞાતિજનો માટેની તેમની શુભ ભાવના અભિનંદનને પાત્ર છે અને જ્ઞાતિમંડળ તેમનો આભાર માને છે.

## મેડીકલ સહાય સ્કીમ યોજના અંતર્ગત

ઓગષ્ટ-૨૦૨૩ના માસમાં તા.૦૩-૦૮-૨૦૨૩ ગુરુવાર, તા.૧૭-૦૮-૨૦૨૩ ગુરુવાર અને તા.૩૧-૦૮-૨૦૨૩ને ગુરુવારના રોજ હોલ પર હોમિયોપેથી હેલીંગ સેન્ટરમાં બપોરે ૨-૦૦ થી ૫-૦૦માં દર્દીઓને તપાસવા સહિત યોગ્ય માર્ગદર્શન અને જરૂરી દવા વિના મૂલ્યે આપવામાં આવશે. આ સેવા ડૉ. શ્વેતાબેન આર. શાહ આપણને આપશે. જેનો જ્ઞાતિબંધુઓને જરૂર જરૂરીયાત મુજબ લાભ લેવા વિનંતી છે.

**મગજ ક્યારેય સીધું ચાલતું નથી,**
**અને**
**હૃદયને આડુ ચાલતા આવડતું નથી,**
**સરવાળે,,**
**મગજ વાળા, હૃદય વાળાની ભરપૂર મઝા લે છે.**

# પ્રેરણા માઈલસ્ટોન દાતા શેઠશ્રી લાલચંદભાઈ નાથાલાલ ગાંધી (મોઢેરા-મુંબઈ)



શેઠશ્રી લાલચંદભાઈ નાથાલાલ ગાંધી (મોઢેરા-મુંબઈ)



શ્રીમતી નીલાબેન લાલચંદભાઈ ગાંધી (મોઢેરા-મુંબઈ)

જેમની ઉદારતાને બિરદાવવાનું મન થાય એવા દાતાઓ તો ઘણા હોય પણ, પોતાના અવસાન પછી સ્વર્ગમાં બેઠા-બેઠાય આપણા સમાજબંધુઓને ઉપયોગી થવા પોતાનૌ પરિવારને પ્રેરણા આપી રહેલા શેઠશ્રી લાલચંદભાઈ નાથાલાલ ગાંધી (મોઢેરા-મુંબઈ) જેવા દાતાઓને તો વંદન જ કરવા પડે. આપણે જાણીએ છીએ કે સમાજરત્ન આદરણીય શ્રી લાલચંદભાઈ ગાંધીએ તેમનાં માતૃશ્રી શ્રીમતી રાઈબેન નાથાલાલ ગાંધી શિક્ષણ સહાય યોજનાના કાયમી દાતા તરીકે લાભ લીધા પછી પણ સમયે-સમયે વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને પોતાના દાનની મૂળ રકમમાં ઉમેરો કરતા રહ્યા હતા. આ અગાઉ પણ રૂપિયા પાંચ લાખની રકમનો સહાયમાં વધારો કરેલ. હવે એમના પરિવાર તરફથી એટલે કે શ્રીમતી નીલાબેન ગાંધી, પુત્ર કેતનભાઈ ગાંધી અને પુત્રવધૂ શિલ્પાબેન ગાંધીએ રૂપિયા એક લાખની સહાય આપીને એ પરંપરા અવિરત અખંડ રાખી છે.

આ ઉપરાંત આપણા સમાજના મહિલા મંડળ માટે પણ શ્રીમતી નીલાબહેન ગાંધી, શ્રી કેતનભાઈ ગાંધી અને પુત્રવધૂ શિલ્પાબહેન ગાંધીને બહુ જ સહાનુભુતિ છે. મહિલા વિકાસ માટે તેઓ કાયમી વિચારતા હોય છે, અને એમણે રૂપિયા પચાસ હજારની સહાય આપીને મહિલાલક્ષી પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

શ્રી લાલચંદભાઈ ગાંધીનો પરિવાર આપણા સમાજનું માત્ર ગૌરવ નથી, આધાર પણ છે એમ સહેજ અતિશયોક્તિ સાથે અવશ્ય કહી શકાય. કારણ કે આ પરિવાર પાસેથી આપણે ક્યારેય ખાલી હાથે પાછા નથી ફર્યા... આપણે સૌ જાણીએ છીએ તેમ, વાસણામાં સાંસ્કૃતિક ભવનના ગોલ્ડન ગ્લોરી હોલના મુખ્ય દાતા તરીકે, શુભ લગ્નમંડપ સજાવટના કાયમીદાતા તરીકે એ રીતે સમાજની અનેક પ્રવૃત્તિઓના તેઓ આધારા બન્યા હતા. અવાજને બદલે વાતને ઊંચી રાખવામાં માનનારા શ્રીમાન લાલચંદભાઈએ શબ્દોનો શોર ક્યારેય મચાવ્યો નહોતો. દાન આપતી વખતે તેઓ હંમેશા મૌન કર્તવ્યભાવના બતાવતા હતા. આપણા જ્ઞાતિ સમાજની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ પૈકીનું એક પણ ક્ષેત્ર એવું નથી, જેમાં શ્રીમાન લાલચંદભાઈ નાથાલાલ ગાંધીના પરિવારે આર્થિક સહયોગ ન આપ્યો હોય. એ બધા ઉપરાંત કોરોના જેવા કપરા કાળમાં સાધર્મિક જ્ઞાતિબંધુઓ માટે સામે ચાલીને દાનની ઓફર આપનારા આવા દાતાઓ આપણી નવી પેઢી માટે હંમેશા પ્રેરણાનો માઈલસ્ટોન બની રહેશે. શ્રીમતી નીલાબેન એમના પુત્ર શ્રી કેતનભાઈ અને પુત્ર વધુ શિલ્પાબેન પોતાના પિતાશ્રીના ધાર્મિક અને સંસારીક વારસો જાળવી રાખ્યો છે, અને સેવાકીય પ્રવૃત્તિમાં સતત સક્રિય અને સમર્પિત રહીને મહત્વનું પ્રદાન કરી રહ્યા છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિમંડળ અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

"જિંદગીનો એ જ સાચોસાચ પડઘો છે વળી, હોય ના વ્યક્તિ, ને એનું નામ બોલાયા કરે!"

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### "મહિલા મંડળ સ્થાપના દિન તા.૧૬-૦૮-૧૯૯૨"

મહિલા મંડળ ૩૧ વર્ષ પૂર્ણ કરીને ૩૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા જઈ રહેલ છે. મહિલા મંડળની સ્થાપના ફક્ત ૧૨ બહેનોથી જ થઈ હતી. આ સમગ્ર જ્ઞાતિ માટે ખૂબ જ આનંદની વાત છે.

અગ્રેસર ઉર્મિલાબેન એચ. શાહ કે જેઓ ભૂતપૂર્વ પ્રમુખશ્રી તરીકે ૨૫ વર્ષની અવર્ણનીય કામગીરી સાથે મંડળને ખૂબ જ અદ્વિતિય તેમજ આગવી સૂઝથી સેવાઓ આપી આ મંડળને વિશાળ વટવૃક્ષ બનાવેલ છે. જે નોંધપાત્ર હકીકત છે.

હાલમાં માનનીય પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન બી. ગાંધી... કે જેઓ છેલ્લા ૬ વર્ષથી મંડળનું સંચાલન કરી રહ્યા છે. જેઓની કાર્યકુશળતા, મનમાં સરળતા, એમની આગવી કોઠાસુઝ. સૌ સાથે સમાન ભાવ સાથે ૨૩ વર્ષથી લઈને આજ સુધીની મહિલા કમિટીના દરેક કારોબારી સભ્યોના સાથ સહકાર સાથે પ્રમુખપદ શોભાવી રહ્યા છે. આ સાથે અમારા મોટા મંડળનો તેમજ ટ્રસ્ટી મંડળનો મહિલા મંડળને દરેક પ્રવૃત્તિઓમાં અગત્યનો ઉમદા ફાળો છે. જ્ઞાતિજનોને અમારાથી કેમ ભૂલાય, તેઓ મહિલા મંડળના પ્રોગ્રામમાં "વીર ભામાશા" ના રૂપમાં દાતા બની ખૂબ જ અમૂલ્ય સહકાર આપે છે. મહિલા મંડળનું સુત્ર "સૌનો સાથ સૌનો વિકાસ" એ મહિલા મંડળની સફળતાનું રહસ્ય છે. મહિલા મંડળ, મોટા મંડળ જ્ઞાતિજનોનું આમૂલ્ય દાન આપનાર દાતાઓનું તથા સર્વે મહિલા કારોબારી તથા મહિલા મંડળમાં આજીવન સભ્ય (આજીવન) બનેલ બહેનોનો ખૂબ જ આભારી છે. આ સૌ થકી જ મંડળ પ્રગતિના પંથે પ્રયાણ કરી રહ્યું છે.

અમદાવાદ મહિલા મંડળ તહેવારોને અનુરૂપ વિવિધલક્ષી મનોરંજન કાર્યક્રમ, સામાજીક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ, જ્ઞાન સાથે ગમ્મત, બાળકો માટે રમત-ગમત, હરિફાઈ, તપસ્વી બહુમાન, શેરી ગરબા, દિપાવલી, સ્નેહ મિલન, સાંસ્કૃતિક પ્રોગ્રામ આપે છે.

મહિલા મંડળ વતી અમારા આદ્ય સ્થાપક ઉર્મિલાબેન એચ. શાહ (ઉનાવા) તથા માનનીય પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન બી. ગાંધી (સમોડા) સૌ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માને છે. સાથે હરહંમેશ આ જ રીતે સાથ સહકાર દ્વારા મહિલા મંડળ સફળતાના ઉચ્ચ શિખરો સર કરે એવી જ શુભકામના.

લિ.

પ્રવિણાબેન બી. ગાંધી-પ્રમુખ • દિપીકાબેન એચ. શાહ- ઉપપ્રમુખ
દેવલબેન કે. શાહ-મંત્રી • સોનલબેન એસ. શાહ-સહમંત્રી

# ખિલ - ખિલાટ

























## ધર્મનો અર્થ શું છે ?

– શું ધર્મ એટલે દેરાસરમાં જવું?
– તપ કરવા?
– કંદમૂળ ત્યાગ?
– સામાયિક, પ્રતિક્રમણ અને જાત્રા કરવી છે?

ખરેખર તો આ બધી વસ્તુઓનો ઉદ્દેશ સ્વભાવ પરિવર્તન કરાવવાનો છે...

પરંતુ ઘણી વખત લોકો જીવનભર ક્રિયા કરતાં રહે... છે
પણ પોતાનો અહમ્ છોડીને હળવા નથી બની શકતા.

ક્રોધ કે આવેશ છોડીને નમ્ર કે વિનયી નથી બની શકતા.

ઈર્ષા છોડીને ઉદાર નથી થઈ શકતા.

જ્યાં સુધી વ્યક્તિ પોતે આત્મ પરિવર્તન માટે મક્કમ નથી બનતો ત્યાં સુધી કડવું સત્ય એ છે કે કોઈ દેવ ગુરુ કે ધર્મ પણ તેનું કશું જ ભલુ નહીં કરી શકે.

એટલે સૌથી પહેલાં જાતને બદલો સ્વભાવ બદલો સ્વભાવ બદલો અને ભાવ બદલો...
પરિણામ ત્યારે જ મળશે...

## બે શબ્દોની સમજવા જેવી વાત

**મુખ અને સુખ**
અરીસામાં "મુખ" અને
સંસારમાં "સુખ" હોતુ નથી બસ દેખાય છે

**ગાંઠ અને રસ**
શેરડીમાં જ્યાં "ગાંઠ" હોય છે,
ત્યાં "રસ" નથી હોતો અને
જ્યાં "રસ" હોય છે ત્યાં "ગાંઠ" નથી હોતી.

**પહેલા અને પછી**
બોલતા "પહેલાં" અક્ષર આપણો ગુલામ
અને બોલ્યાં "પછી" આપણે અક્ષરના ગુલામ

**જ્ઞાન અને અભિમાન**
આ સંસારમાં દરેક વ્યક્તિને પોતાના
"જ્ઞાનનું અભિમાન" છે,
પરંતુ
કોઈને પોતાના "અભિમાનનું જ્ઞાન" નથી.

**ઈર્ષા અને સંસ્કાર**
હું બીજાથી સારુ કરુ એ "ઈર્ષ્યા"
અને
હું બીજાનું સારુ કરુ એ "સંસ્કાર"

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



## અ.સૌ. ઈન્દુબેન મહેન્દ્રકુમાર શાહ

(દેણપ • હાલ : પૂના)

જન્મ તા.૦૩-૦૩-૧૯૪૧ • સ્વ.તા.૧૩-૦૭-૨૦૨૩

આંખો હજુ નિહાળે છે તમને... અંતર હજી પોકારે છે તમને
સ્મરણ થાય છે ત્યારે મન મુકી રડાવે છે અમને
મન હજુ માનતું નથી કે તમે અમારા વચ્ચે નથી
કુટુંબના મોભી એવા આપ સદાયે અમારા હૈયે રહેશો.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના

**મહેન્દ્રકુમાર રમણલાલ શાહ**

નિતિનકુમાર મહેન્દ્રકુમાર શાહ
સૌ. શિતલ નિતિનકુમાર શાહ
શ્રેણિક નિતિનકુમાર શાહ
સૌ. સેજલ શ્રેણિક શાહ

સૌ. નિલિમાબેન પરેશકુમાર શાહ (મિહિર-સૌ. ઐશ્વર્યા)
સૌ. ડૉ. નિશાબેન સુરેન્દ્રકુમાર શાહ (સુનિત-સૌ. પૂજા, ડૉ. જિનલ)
સૌ. નિતાબેન જયેશકુમાર શાહ (મૌલિક, રૂચી)
સૌ. નિષ્માબેન તુષારકુમાર શાહ (વિનીત, વંશિકા)

**રમણલાલ હરગોવનદાસ શાહ (દેણપ) પરિવાર**

પિયરપક્ષ : સ્વ.શ્રી મણિલાલ ઝવેરચંદ ગાંધી (રણુંજ), મુંબઈ

Mahendrakumar Shah : 9975530000 • Nitinkumar Shah : 8552090000 • Shital Shah : 8551090000
રહેઠાણ : 'સપ્તસૂર', 3/3, રાસ્તાપેઠ, પૂણે-૪૧૧૦૧૧ • Email : shahmanubhai07@gmail.com

# અવસાન-શ્રધ્ધાંજલિ



**રમેશચંદ્ર શાંતિલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૩-૦૭-૨૦૨૩, સોમવાર



**હસમુખલાલ પોપટલાલ શાહ**
ગામ : તરભ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૪-૦૭-૨૦૨૩, મંગળવાર




**કાન્તાબેન શશીકાંતભાઈ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૦-૦૭-૨૦૨૩, સોમવાર



**ઈન્દુબેન મહેન્દ્રભાઈ શાહ**
ગામ : દેણપ
હાલ : પૂણે
સ્વ. તા.૧૩-૦૭-૨૦૨૩, ગુરુવાર



**રમેશચંદ્ર ડાહ્યાલાલ શાહ**
ગામ : રણુંજ
હાલ : નવી મુંબઈ
સ્વ. તા.૨૨-૦૭-૨૦૨૩, શનિવાર



**ચિનુભાઈ તલકચંદ શાહ**
ગામ : દેણપ
હાલ : વિસનગર
સ્વ. તા.૨૫-૦૭-૨૦૨૩, મંગળવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## દીકરી નારાજ થઈ ગઈ !

પપ્પા જ્યારે ઓફિસે જવા લાગ્યા ત્યારે એમની લાડકી દીકરી આજેને આજે જ એક્ટિવા લાવવા માટે જીદ કરવા લાગી.

પપ્પાએ આજે ને આજે નહિ લાવી શકું, મજબૂર છું પણ તેમની લાડકી દીકરી માને તો ને!

દીકરીએ જીદમાં આવી પપ્પા સાથે વાત કરવાનું બંધ કરી દીધું.

પપ્પા પણ બિચારા શું કરે? પપ્પાએ ઓફિસેથી દીકરીને મનાવવા બહુ જ કોશિશ કરી પણ દીકરી ફોન ઉઠાવે તો ને? ચિંતામાં ને ચિંતામાં પપ્પાની મન:સ્થિતિ બગડવા લાગી અને તેથી છાતીમાં દર્દ થવા લાગ્યું. તરત જ શેઠ પાસે ગયા અને તાત્કાલીક લોન મંજુર કરાવી. દીકરીની ખુશી માટે તરત જ એક્ટિવાના શો રૂમ પર ગયા અને એક્ટિવા ખરીદી લીધી. એક્ટિવા સાંજ સુધીમાં ઘરે આવી જશે તે કહેવા દીકરીને ફોન કર્યો પણ દીકરી હજુ પણ નારાજ અને મો ફુલાવીને બેઠી હતી. જીદી હતી, પપ્પાથી હજુ પણ નારાજ હતી. પપ્પા ચિંતામાં શાંત બેસી ગયા, છાતીમાં દર્દ વધવા લાગ્યું. એમની લાડલીને બહુ પ્રેમ કરતા હતા ને! દીકરીને ફરી ફોન કર્યો પણ દીકરીએ હજુ પણ નારાજ ફોન ઉપાડ્યો જ નહિ, પપ્પા ચિંતામાં બેસી રહ્યાં છાતીમાં દર્દ વધવા લાગ્યું.

એક્ટિવા તો ઘરે પહોંચી ગઈ પણ પપ્પાને માનસિક તણાવમાં તેમને હ્રદયનો હુમલો ઓફિસમાં જ આવી ગયો.

ઘર પર એક્ટિવા જોઈને દીકરી ખુબ ખુશ થઈ ગઈ, આનંદનો પાર ન રહ્યો પણ એક્ટિવા સાથે પપ્પા ક્યાંય ન દેખાયા, દેખાઈ તો ફક્ત એક એમ્બ્યુલન્સ. બધા જ હેરાન-પરેશાન, કોણ હતું એમાં?

મૃત શરીર એમ્બ્યુલન્સની બહાર કાઢવામાં આવ્યું.

દીકરીએ જોયું તો એ મૃત શરીર તો પપ્પાનું જ હતું. તેમના ઓફિસના સાથી કર્મચારીએ બતાવ્યું. સવારે ઓફીસ આવ્યા ત્યારથી એક્ટિવા માટે બહુ જ માનસિક તણાવમાં હતા. દીકરી માટે તાત્કાલીક લોન પાસ કરાવી એક્ટિવા પણ નોંધાવી દીધી પછી ઘર પર આ ખુશ ખબર આપવા ફોન કર્યો પણ દીકરી નારાજ હતી એટલે ફોન ઉપાડ્યો જ નહીં.

તેથી તેઓ અસ્વસ્થ થઈ ગયા. દીકરીને બહુ જ પ્રેમ કરતા હતા ને! દીકરીએ ફોન ન ઉપાડ્યો તેથી તેમની છાતીમાં દર્દ વધી ગયું અને થોડી જ સેકન્ડમાં ઓફિસમાં ખુરશી પર જ ઢળી પડ્યા.

વિચાર કરો, તે સમયે દીકરીની શું હાલત થઈ હશે? જોર જોરથી રડી રહી હતી. માફ કરી દો પપ્પા, મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ. મને ખબર ન્હોતી પપ્પા તમને મને આટલો બધો પ્રેમ કરતા હતા, માફ કરી દો પપ્પા!

પણ હેવ શું થઈ શકે?

એક્ટિવા બહાર ઉભી હતી અને પપ્પાનું મૃત શરીર પણ ત્યાં જ હતું. દીકરી પોતાની જીદ પર નારાજ થયેલી તે ફક્ત પસ્તાવો જ કરી શકે તેમ હતી.

કાશ! દીકરી ફોન ઉપાડતી તો પપ્પા આજે જીવતા હોત.

પ્રત્યેક બાળકોને નમ્રતાપૂર્વક જણાવવાનું કે દીકરા હોય કે દીકરી પપ્પાનો પગાર જુઓ, ઘરની આવક જુઓ, પરિસ્થિતી જુઓ. ઘરની જરૂરિયાતને જુઓ. તમે જે માંગણી કરી રહ્યા છો? તે માગણી માટે તમારા પપ્પા સક્ષમ-સમર્થ છે કે નહીં? ના , તો પછી થોડી ધીરજ રાખો. પપ્પા ક્યારેય તેમના બાળકોની વાતોની અવગણના નથી કરતા.

# ભાવસભર શ્રધ્ધાંજલિ



## અ.સૌ. કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી

ગામ : મોઢેરા (હાલ : અમદાવાદ)

જન્મ તા.: ૦૧-૦૬-૧૯૪૮ ● સ્વ. તા.: ૧૦-૦૭-૨૦૨૩

સહનશીલતા જેમનો શ્વાસ હતો, પરોપકાર જેમનો પ્રાણ હતો,
દયા જેમના દિલમાં હતી, ઉદારતા જેમનાં ઉરમાં હતી, કુટુંબમાં હેત એમના
હૃદયમાં હતું, આપનું સાદગીભર્યું અને સંતોષીજીવ, માયાળુ સ્વભાવ,
લાગણી શીલતા, પ્રેમાળતા અમો જીવનભર ભૂલશું નહિ.
મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી

**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે**
**અને... ભવોભવ જિનશાસનનું શરણું આપે એ જ પ્રાર્થના.....**

**સ્વ. પોપટલાલ મોહનલાલ ગાંધી સમસ્ત પરિવાર**
**શશીકાન્તભાઈ પોપટલાલ ગાંધી**

અલકા હિતેશ ગાંધી
હિતેશ બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશ ગાંધી
વિધિ હિતેશ ગાંધી
(સમોડા - અમદાવાદ)

ભાઈલાલભાઈ પોપટલાલ ગાંધી
લીલાવતીબેન ભાઈલાલભાઈ ગાંધી

રમેશચંદ્ર પોપટલાલ ગાંધી
દક્ષાબેન રમેશચંદ્ર ગાંધી

**સ્વ. મોહનલાલ મુળચંદભાઈ ગાંધી સમસ્ત પરિવાર (મોઢેરા)**
**પિયરપક્ષ : અંબાલાલ ન્હાલચંદ શાહ સમસ્ત પરિવાર (બોકરવાડા)**

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



આ લેખ એક સત્ય ઘટના છે જે ૨૦૨૨ ડિસેમ્બરમાં થઈ ગઈ છે.

એક કપલના લગ્નનાં થોડાક વર્ષોમાં છૂટાછેડાની નોબત આવી ગઈ. છોકરીના મા–બાપની રોજ રોજની દખલગીરી ફરીથી એક પવિત્ર સંબંધને ભરખી ગઈ.

છોકરાએ કોર્ટમાં છૂટાછેડાનો કેસ દાખલ કર્યો. આ દરમિયાન છોકરીની બાળપણની મિત્ર ફોનથી અને જરૂર પડ્યે રુબરુ એની સાથે ને સાથે રહેતી. આ મિત્ર પોતે પરિણીત અને સાસુ સસરા સાથે સંયુક્ત કુટુંબમાં રહેતી હતી. આ મિત્રએ છોકરીને ખોટી વાતે સપોર્ટ કરી ભડકાવવાનું ચાલુ કર્યું. છોકરો સારા ઘરનો અને સંસ્કારી હતો એ બધા જાણતા હતા તેમ છતાંય છોકરીના મનમાં અલગ અલગ રીતે ઝેર ભરવામાં આવ્યું અને પોતાની ભુલ ક્યારેય કબૂલ ના કરવી અને છોકરો તો નમતો આવશે એવા ઈગોને ખૂબ પોષણ આપ્યું.

જે ભૂલ છોકરીએ મા–બાપની વાત માની સાસરીમાં કરી હતી એવી જ ભૂલ પોતાની મિત્રની વાત સાંભળીને છૂડાછેડા દરમિયાન કરતી હતી.

છૂટાછેડાનો કેસ કોરોનાને કારણે લાંબો ચાલ્યો. પહેલા તો છોકરીના મા–બાપ પણ વટથી કહેતા હતા કે સાસરીમાં થોડું પણ અનુકૂળ ના હોય તો પાછી આવતી રહેજે, તારા મા–બાપ બેઠા છે, તને આજીવન સાચવશે વિગેરે વિગેરે.

હવે આ જ મા–બાપ છોકરીના પિયર પાછા આવ્યાના જૂજ મહિનાઓમાં છોકરી પ્રત્યે અણગમો બતાવા લાગ્યા. છોકરી સામે બોલે મીઠું મા ને મનમાં પાછી આવેલી છોકરી ખટકતી હતી. ધીરે ધીરે જ્યારે છોકરીએ પોતે બધું ધ્યાનથી વિચારવા માંડ્યું ત્યારે એને સમજણ પડી કે આ બધું કરવાથી નુકસાન ફક્ત પોતાને થયું છે બાકી બધાની જીંદગી તો સેટ છે.




આ દરમિયાન છોકરીની મિત્રને સાસરીમાંથી ગેરવર્તનને કારણે કાઢી મૂકી અને એ પિયરમાં આવી ગઈ. પંદર જ દિવસમાં એના મા–બાપ અને ભાઈએ માફી માંગી, ખાતરી આપી અને તેણે પોતે પણ ક્યારેય આવું ગેરવર્તન ન કરવાની લેખીત ખાતરી આપી ત્યારે એનો પતિ એક મોકો આપવા તૈયાર થયો. એ પછી સાસરે જતી રહી.

આ દરમિયાન છોકરી જોતી રહી ગઈ. એણે વિચાર્યું કે મારું લગ્ન જીવન દાવ પર હતું ત્યારે બધાએ મને માફી ના માંગવા માટે અલગ અલગ રીતે રોકતા હતા અને મારા પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ઝેર ભરતા રહ્યા. જ્યારે એના મિત્ર પર આવ્યું ત્યારે તેણે પોતાની ભૂલ સ્વીકારી પોતાનું લગ્નજીવન બચાવી લીધું. છોકરીના માતા–પિતાનું લગ્નજીવન પણ સુરક્ષિત છે. ફક્ત અને ફક્ત છોકરીનું લગ્નજીવન બરબાદ થઈ ગયું.

જ્યારે છોકરીને સાચું દેખાવા માંડ્યું અને અફસોસ થવા માંડ્યો ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. છોકરાંનો છૂટાછેડાનો નિર્ણય દ્રઢ બની ગયો હતો અને ડિસેમ્બર ૨૦૨૨માં છૂટાછેડા થઈ પણ ગયા.

છોકરીને એક વસવસો રહી ગયો કે મા–બાપનું સાંભળ્યા વગર સાસરીમાં રહી હોત તો પોતાનું લગ્નજીવન બચી ગયું હોત અને ક્યાંય સારું હોત.

વિરલ વાણી....

આ દરેક માટે એક શીખ છે. પોતાના લગ્ન જીવનમાં કોઈ વ્યક્તિ ઝેર ઘોળવાનો પ્રયત્ન કરે તો થોભી જાઓ. જ્યાં સુધી કોઈ પણ વાતની ખાતરી ના થાય ત્યાં સુધી કોઈ પણ નિર્ણય પર આવશો નહિ. કાચા કાનનાં થશો તો નુકશાન ફક્ત અને ફક્ત તમારું થશે. તમારા મિત્રો લગભગ તમારી ઉંમરના જ હોય છે જેથી એમની સલાહ પણ તમારી સમજની આસપાસ જ હશે અને આ જમાનામાં દૂરના માણસો તમારું ખરાબ ઈચ્છે છે અને નજીકના ખૂબ ઈર્ષા કરતા હોય છે. ચેતીને રહેજો.

પરિવાર પત્રિકા

કાર્યાલય : શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટીપ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન. નં. : (૦૭૯) ૨૬૬૦૨૩૭૫
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ (સોમવારે રજા)
E-mail : mehsana_jainprant@yahoo.com | Website : www.47dashashrimali.com

પ્રકાશન કાર્યાલય : શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ વતી સંપાદક-પ્રકાશક શ્રી પ્રમોદભાઈ એન. ગાંધીએ જગદિશ ઓફસેટ, ઘીકાંટા, અમદાવાદમાં છપાવીને શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટી પ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭થી પ્રસિધ્ધ કર્યું.